# સ્વામી વિવેકાનંદના શૈક્ષણિક વિચારો

ડૉ.નીલાબેન.એચ.પરમાર

મદદનીશ શિક્ષિકા, ડી.સી.ઓ. સાર્વજનિક હાઈસ્કૂલ, કિલ્લા પારડી, વલસાડ.

## ૧.પ્રસ્તાવના

સ્વામી વિવેકાનંદ પ્રખર ચિંતક હતા. તેમના માતા ભૂવનેશ્વરી દેવી મહાભારત અને રામાયણના અભ્યાસી હોવાથી બાળપણથી માતા પાસેથી આધ્યાત્મિક વારસો પ્રાપ્ત થયો હતો. બાળપણથી જ સાધુ સંતો પ્રત્યેનું આકર્ષણ રહેતું હતુ. તેમને પશુ પંખી સાથે મિત્રતા રાખવાનું ગમતું. તેઓ રમત જગતનો પણ ખૂબ શોખ ધરાવતા હતા. તેઓ સ્વભાવે નીડર અને દરેક કાર્યમાં સાહસ દાખવવાનું વલણ ધરાવતા હતા. તેમનું વ્યક્તિત્વ વહેમ કે અંધશ્રધ્ધામાં માનનારું ન હતું. ભારત ભૂમિ પર જન્મ લેનારી મહાન વિભૂતિ એટલે સ્વામી વિવેકાનંદ. તેઓ શિક્ષક ન હોવા છતાં માનવજાતને તેજસ્વી વિચારો અને ઉત્તમ જીવન સંદેશ પહોચાડવાનું કાર્ય કર્યુ છે. અર્થાત્ તેઓ માત્ર વિદ્યાર્થીઓના નહી પરંતુ મનુષ્યને નિર્માણ કરવાની ઝંખના ધરાવતા હોવાથી તેઓ સમગ્ર માનવજાતના શિક્ષક હતા એમ કહી શકાય.

સાંપ્રત સમયમાં શિક્ષણમાં ભ્રષ્ટાચાર, વ્યાપાર, ટ્યુશનનું દૂષણ તેમજ અવાર - નવાર વર્તમાનપત્રોમાં સંચાલકોની નીતિ, શિક્ષકનું ચારિત્ર્ય તેમજ વિદ્યાર્થીઓના વર્તાણૂક સંબંધિત સમાચારો વાંચતા સમગ્ર શિક્ષણ પ્રક્રિયા તરફ દુર્લક્ષ સેવવામાં આવે તે સ્વાભાવિક છે. ઉપરોક્ત બાબતો વિચારી સ્વામી વિવેકાનંદના શિક્ષણ સંબંધિત વિચારો જાણવાની જિજ્ઞાસા થતા પ્રસ્તુત સંશોધન વિષયનો ઉદ્ભવ થયો હતો.

## ૨.સમસ્યાકથન

પ્રસ્તુત સંશોધનનું સમસ્યાકથન નીચે મુજબ નિરાધાર્યુ હતું.

**સ્વામી વિવેકાનંદના શૈક્ષણિક વિચારો**

## ૩. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ નિરાધાર્યા હતા.

૧.સ્વામી વિવેકાનંદના મતે શિક્ષણનો અર્થ અંગેના વિચારો જાણવા.

૨.શિક્ષકની ભૂમિકા અંગે સ્વામી વિવેકાનંદના વિચારો જાણવા.

૩.સ્ત્રીશિક્ષણ સંબંધિત સ્વામી વિવેકાનંદના વિચારો જાણવા.

## ૪.સંશોધનના પ્રશ્નો

૧.સ્વામી વિવેકાનંદ શિક્ષણનો અર્થ સંબંધિત કેવા વિચારો ધરાવે છે?

૨.શિક્ષકોની ભૂમિકા સંબંધિત સ્વામી વિવેકાનંદ કેવા વિચારો ધરાવે છે?

૩.સ્ત્રીશિક્ષણ અંગે સ્વામી વિવેકાનંદ કેવા વિચારો ધરાવે છે?

## ૫.સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત સંશોધન કરવા માટે ગુણાત્મક સંશોધન પધ્ધતિ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## ૬.સંશોધનનું વ્યાપવિશ્વ અને નમૂનો

સ્વામી વિવેકાનંદે ધર્મ, કેળવણી, રાજનીતિ, આર્થિક, રાષ્ટ્ર, શિક્ષણ, સમાજ, સંગઠન, મંદિર, સંબંધિત જે વિચારો રજૂ કર્યા છે તે સંશોધનનું વ્યાપવિશ્વ છે. પ્રસ્તુત સંશોધનમાં શિક્ષણનો અર્થ, શિક્ષકની ભૂમિકા, અને સ્ત્રીશિક્ષણના વિચારોને નમૂનામાં સમાવવામાં આવ્યા હતા.

## ૭.સંશોધનના ઉપકરણો

પ્રસ્તુત સંશોધનમાં ઉપકરણ તરીકે સ્વામી વિવેકાનંદના પુસ્તકો, સ્વામી વિવેકાનંદના શિક્ષણ સંબંધિત સંશોધન પેપરો તેમજ સ્વામી વિવેકાનંદના સ્ત્રી સશક્તિકરણ અંગેના સંશોધન પેપરો નો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## ૮.માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

### ૧.શિક્ષણના અર્થ અંગે સ્વામી વિવેકાનંદના વિચારો

સ્વામી વિવેકાનંદની શિક્ષણની વિભાવના તત્ત્વમીમાંસા તેમજ જ્ઞાનમીમાંસા સાથે સંકળાયેલી છે. 'શિક્ષણ' ની વ્યાખ્યા કરતાં તેઓ જણાવે છે કે, " શિક્ષણ મનુષ્યમાં રહેલા પૂર્ણત્વનું પ્રકટીકરણ છે." અર્થાત્ મનુષ્યની અંદર જ પૂર્ણત્વ રહેલું છે. અને શિક્ષણનું કાર્ય આ પૂર્ણત્વને બહાર લાવવાનું છે. માણસની અંદર રહેલું પૂર્ણત્વ જેટલા પ્રમાણમાં બહાર નીકળી શકે, તેટલા પ્રમાણમાં તે શિક્ષિત થયો કહેવાય. તેઓના મતે શિક્ષણની પ્રકિયામાં બહારથી કશું પણ મનુષ્યમાં દાખલ કરવાનું હોતુ નથી તેથી કોઈક બીજાને શીખવે એવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. દરેક વ્યકિતએ પોતાની જાતને જ શિક્ષિત કરવાની હોય છે. બહારના શિક્ષકો માત્ર સૂચના આપે અને એ સૂચનાઓનું પાલન અંદરનો શિક્ષક કરે (અંદર રહેલો શિક્ષક પ્રવૃત થાય) તો સમજ પેદા થાય છે. મનુષ્યની અનંત શક્તિઓનો મૂળસ્ત્રોત તેના આત્મતત્ત્વમાં છે. તેથી શિક્ષકે એક છોડને ઉછેરે એ પ્રમાણે જ બાળકને ઉછેરી શકે એ સિવાય વધુ કંઈ શીખવી શકાય નહિ. માળી જમીનને અંકૂર ફૂટવા માટે જેમ અનુકૂળતા ઊભી કરે છે, તેમ શિક્ષકે પણ બાળકને સ્વયં વિકાસ કરવા માટે અનુકૂળતા ઊભી કરવાની છે. સાંપ્રત સમયમાં શિક્ષણ એટલે માહિતીનો જથ્થો જે વધુ યાદ રાખી પરીક્ષામાં લખી શકે તેને અગ્રતાક્રમ મળે છે. પરંતુ સ્વામી વિવેકાનંદના મતે, શિક્ષણએ વિદ્યાર્થીનું જીવનનું ઘડતર, મનુષ્યનું ચારિત્ર્ય નિર્માણ, ચારિત્ર્યનું ઘડતર કરનારા વિચારો આત્મસાત કરવાનો છે. શિક્ષણ અંગેના આવા વિચારો અમલમાં આવે તો ઉત્તમ નાગરિક નિર્માણ કરી શકાય.

### ૨.શિક્ષકની ભૂમિકા સંબંધિત સ્વામી વિવેકાનંદના વિચારો

સ્વામી વિવેકાનંદના મતે શિક્ષક સૌ પ્રથમ ચારિત્ર્યવાન હોવો જોઈએ. તેમનું ચારિત્ર્ય બીજા માટે ઉદાહરણરૂપ હોવું જોઇએ. શિક્ષક ચારિત્ર્યવાન હોય તો જ શિક્ષકના કથનની બાળકો ઉપર અસર થાય, તે માટે શિક્ષકનું મન અને હ્રદય શુધ્ધ હોવું જોઈએ. વધુમાં શિક્ષકનો બાળક ઉપર અત્યાંતિક પ્રેમ હોવો જોઈએ. પ્રેમ વગર બીજાના જીવનમાં કયારેય મૂલ્યો સંક્રમિત કરી શકાય નહિ. શિક્ષકનો વિદ્યાર્થી પ્રત્યે કયારેય પણ સ્વાર્થ ન હોવો જોઈએ. સ્વામી વિવેકાનંદના મતે વિદ્યાર્થીની વય, બૌધ્ધિક સ્તર, રુચિ, ભેદ વગેરેના તફાવત હોઈ તો તેની અસર શિક્ષક પર કયારેય ન થવી જોઈએ, સાચા શિક્ષકે વિદ્યાર્થીના વલણને જાણી વિદ્યાર્થીમાં તન્મય થઈને વિદ્યાર્થીને તન્મયતાનો અનુભવ કરાવે છે.

સાંપ્રત સમયમાં વિદ્યાર્થીને વારંવાર હતોત્સાહ કરી ઠપકો આપી આગળ વધવા માટે રેસના ઘોડાની જેમ દોરવા પ્રયત્ન કરે છે પણ સ્વામી વિવેકાનંદના મતે શિક્ષકે બાળકની અંતર્ભૂત શક્તિથી તેને સભાન કરવાનો છે. અને વિદ્યાર્થીમાં માનવ્યનું નિર્માણ કરવાનું સૂચવ્યું છે.

## ૩. સ્ત્રીશિક્ષણ અંગે સ્વામી વિવેકાનંદના વિચારો

શિક્ષણ સંબંધિત વિચારોમાં સ્ત્રીશિક્ષણ એ સ્વામી વિવેકાનંદના શિક્ષણ ચિંતનનું વિશેષ પાસુ છે. સમાજમાં જાતીય તફાવતને કારણે શિક્ષણપ્રક્રિયામાં તફાવતનો સદંતર વિરોધ કર્યો છે. ભારતીય સમાજમાં સ્ત્રીની દયનીય દશા જોઈ તેઓ વ્યથિત થયા હતા. તેમના મને સ્ત્રીનું સન્માન કરવામાં આવે તો જ સમાજનું ઉત્થાન થઈ શકે તેમણે મનુસ્મૃતિનો શ્લોક ટાંકતા જણાવ્યું કે :

“यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता :।
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्त फला : क्रिया :॥”

- જ્યાં સ્ત્રીનો અનાદર થાય છે ત્યા દરેક કર્યો નિષ્ફળ જાય છે. તથી તે કુટુંબ કે સમાજમાં ઉત્કર્ષની કોઈ આશા રહેતી નથી. સ્વામી વિવેકાનંદના વિચારો થકી સ્ત્રી શિક્ષણ ૦‘રા નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.
- કન્યાઓનો ઉછેર પણ છોકરાઓ જેમ સમાન થવો જોઈએ
- બાળ લગ્નનો વિરોધ
- શિક્ષણ દ્વારા પોતાની સમસ્યા ઉકેલવાની ક્ષમતા
- સ્ત્રીએ પોતાનું ગૌરવ - પ્રતિષ્ઠા જાળવવી
- ચારિત્ર્યનું ઘડતર
- બૌધ્ધિક ક્ષમતામાં વધારો
- પુસ્તકીયા શિક્ષણનો વિરોધ
- નિર્ભયતા અને આત્મનિર્ભરતા

વધુમાં સ્ત્રીશિક્ષણ દ્વારા છોકરીઓ આચાર તેમજ આધ્યાત્મિક જીવન જીવતા શીખે એ બાબત પર ભાર આપતા હતા કારણ કે, માત્ર પવિત્ર માતાના ઘરમાં જ મહાન માણસો પેદા થાય છે. સાંપ્રત સમયમાં સ્ત્રીશિક્ષણ સાથે ઉત્તમ ચારિત્ર્યનો અભાવ જોવા મળે છે તેવા સમયે સ્વામી વિવેકાનંદના વિચારો થકી ઉચ્ચ સમાજ નિર્માણ કરી શકાય એમ સ્પષ્ટ થાય છે.

## ૯. તારણો

ઉપરોક્ત વિષયવસ્તુ વિશ્લેષણને અંતે સ્પષ્ટ થાય છે કે -

૧. શિક્ષણ મનુષ્યમાં રહેલા પૂર્ણત્વનું પ્રકટીકરણ છે. શિક્ષકે પોતે કશુ શીખવવાનું નથી, પરંતુ બાળકને શીખવા માટે અનુકૂળતા ઊભી કરવાનું છે.
૨. શિક્ષક એટલે ઉત્તમ ચારિત્ર્યવાન, પ્રેમાળ, વિદ્યાર્થીઓના વલણને ઓળખી તેની આંતરિક શક્તિ ઓળખી તેને સભાન કરવાનો છે.
૩. સમાજમાં સમાન ધોરણે (પુરુષ અને સ્ત્રીને) શિક્ષણ દ્વારા ઉત્તમ ચારિત્ર્ય ઘડતર, નિડરતા, બહાદુરી દ્વારા બૌધ્ધિક ક્ષમતા વધારી પોતાની સમસ્યા ઉકેલવાની ક્ષમતાનો વિકાસ કરવો.

## સંદર્ભ સૂચિ

1. Pandit, S. S. (1974). A critical study of the contribution of the Arya Samaj to the Indian Education. New Delhi : S.A Pratinidhi Sabha.
2. Swami, V. (1981).Education, Madras : Shri Ramkrishna math.